હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

ઉદીચ્ય

સળંગ અંક : ૮૯૩, વર્ષ : ૩૭, અંક : ૨૨
૧૬-નવેમ્બર, ૨૦૨૬

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN
Re-Accredited "B" 2.21 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

અંતરના ઓરડેથી, દિલના દરવાજેથી, મનના માંડવેથી,
સ્નેહના સંગાથથી, અંતરના કોડિયાને સ્નેહથી દિપાવજો...
હૈયે હરખના તોરણ બંધાવજો,
આંગણે આવકારની રંગોળી રચાવજો.
આવી છે દિવાળી દિલથી મનાવજો...
મન, વચન અને કાયાથી આપને અને આપના પરિવારને
ઈશ્વર સુખ, શાંતિ, સમૃદ્ધિ અર્પે એવી પ્રાર્થના સાથે
શુભ દિપાવલીની હાર્દિક શુભેચ્છાઓ....



નવલ વર્ષતણી નમણી ઉષા !
ઉર ઉમંગભરી મધુરી મુદા !
સ્વજનનાં સ્મરણો, વિભુની કૃપા,
જીવન નિર્મળ ધન્ય કરો સદા !
નૂતન વર્ષાભિનંદન...

આદિવચન

પ્રિય વાચક મિત્રો,

ॐ सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिदुःखभाग्भवेत् ॥
બધાં પ્રસન્ન રહે, બધાં સ્વસ્થ રહે, બધાંનું ભલું થાય,
કોઈને કશું દુઃખ ન રહે તે વિચાર સાથે દીપાવલી અને
નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ.

વિક્રમ સંવત ૨૦૮૩ નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન ! નવુ વર્ષ સૌ પરિવારજનોને સર્વ રીતે યશસ્વી અને સમૃધ્ધિ આપનારુ નીવડે તેવી પ્રભુને પ્રાર્થના અને શુભાશીષ. દીપાવલી અને નૂતન વર્ષના શુભ અને પાવનકારી ॐ असतो मा सद्गमय तमसो मा ज्योतिर्गमय मृत्योर्मा अमृतं गमय। ના ભાવથી યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ, શૈક્ષણિક બિનશૈક્ષણિક કર્મચારીઓ, વહીવટી કર્મચારીઓ, સંલગ્ન કૉલેજના આચાર્યશ્રીઓ, વિધાર્થીઓ, સંચાલકશ્રીઓ તમામને મારા નવા વર્ષની શુભેચ્છાઓ.

ભારતીય સંસ્કૃતિમાં તહેવારોનું વિશેષ મહત્ત્વ છે અને દરેક તહેવાર પાછળ કોઈને કોઈ આધ્યાત્મિક, સામાજિક કે મોસમી મહત્ત્વ જોડાયેલું છે. કારતક સુદ એકમ નૂતનવર્ષ માત્ર કેલેન્ડર બદલવાનો દિવસ નથી. પરંતુ નવો ઉત્સાહ, નવી ઉર્જા અને નવા સંકલ્પો સાથે જીવનની નવી સફર શરૂકરવાનો પવિત્ર અવસર છે. નવા વર્ષે આત્મ ચિંતન થકી ગત વર્ષે થયેલી ભુલોની સુધારણા, વ્યવસાયિક પરિવર્તન, નવા લક્ષ્યોનું નિર્ધારણ અને પરસ્પર ભાઈચારો, સેવાભાવ જેવા સકારાત્મક વિચારો સાથે શરૂ કરી નિરાશા ખંખેરી ઉત્સાહ તરફ નવા અધ્યાયનું પગરણ માંડીએ. નાના-મોટા સૌની સાથે પ્રેમપૂર્વક વર્તન કરીએ. બધા રાગ-દ્વેષ ભુલી અહંકાર મિટાવી આપણા પરિવારની સાથે-સાથે રાષ્ટ્ર માટે પણ કામ કરીએ.

આપણે સૌ શિક્ષણ સાથે જોડાયેલા વ્યવસાયિકો છીએ, આપણે સમાજનું પ્રતિનિધિત્વ કરીએ છીએ, ચાણકયએ કહ્યું છે એક શિક્ષક તરીકે સમગ્ર સમાજ અને રાષ્ટ્ર માટે વિચારવું જ રહ્યું, શિક્ષકએ સમાજ



અને રાષ્ટ્રનો ઘડવૈયો છે, તંદુરસ્ત અને ચારિત્ર્યવાન સમાજનું નિર્માણ કરવાનું કાર્ય શિક્ષકોના હાથમાં છે. શિક્ષકોએ સંશોધનો અને નવીનતમ કાર્યો કરી જ્ઞાનમાં પોતાનો ફાળો આપી જ્ઞાનના વારસાનું સંવર્ધન કરવાનું છે. નવા શિક્ષણ પ્રકલ્પોના બદલાવ સાથે કદમ મિલાવી ભાવી રાષ્ટ્રના નિર્માણ માટે જ્ઞાનના આદાન-પ્રદાન દ્વારા વિધાર્થીઓનું ઘડતર કરી સમાજ ઉત્થાનનું કાર્ય કરવાની ભૂમિકા નિભાવવાની છે. આ નૂતનવર્ષે યુનિવર્સિટી સાથે જોડાયેલ તમામ કર્મચારીઓએ, વિધાર્થીઓએ પોતાની ફરજો / પોતાની કામગીરીનું સરવૈયું કાઢી નવા વર્ષ માટે સંકલ્પબધ્ધ આયોજન કરવું જોઈએ. આપણો યુનિવર્સિટી પરિવાર, સૌ વિધાર્થી મિત્રો સકારાત્મક વિચાર સાથે આળસ, લઘુતાગ્રંથિ, વ્યસનો અને અન્ય કુટેવોનો નવા વર્ષે ત્યાગ કરી અદ્યતન ટેકનોલોજી સાથે સમન્વય સાધી શિસ્ત પાલન અને આત્મ વિશ્વાસ સાથે કર્મયોગી બની પોતાની આગવી ઓળખ ઉભી કરીએ તેવા સંદેશ સાથે પુનઃદિવાળી અને નૂતનવર્ષની હાર્દિક શુભકામનાઓ.

તા. ૧૬-૧૧-૨૦૨૬
પાટણ.

પ્રો. ડૉ. કિશોરકુમાર પોરિયા
કુલપતિ

પીએચ.ડી.

No.	Candidate	Title of the Thesis	Faculty/Subject	Name of the Guide
1.	**Acharya Payalben Pravinchandra**	ઉત્તર ગુજરાતમાં જીવનવીમા નિગમની વિવિધ પોલીસીઓના બિનઅમલીકરણના પ્રશ્નોને લગતો એક કાનુની અભ્યાસ	**LAW** LAW	**Dr. Rajesh S. Vyas** Shri N.S. Patel Law College, Modasa
2.	**Baraiya Gidiyan Jonbhai**	આસન-પ્રાણાયામ અને સં વ્યાયામની પ્રવૃત્તિઓ દ્વારા મેદસ્વીતા ધરાવતા વિદ્યાર્થીઓની રૂધિરાભિસરણ સહનશક્તિ અને શરીરશાસ્ત્ર વિષયક પાસાઓ પર થતી અસરનો અભ્યાસ	**EDUCATION** PHYSICAL EDUCATION	**Dr. Devangkumar R. Patel** Sheth M.N. Science College, Patan
3.	**Chaudhari Ashabahen Faljibhai**	Study on Azelaic Quaternary Amine Compounds Loaded Montmorillonite Nanoemulsion with Expanded Graphite and Its Biological Activity	**SCIENCEE** CHEMISTRY	**Porf. Dr. Kokila A. Parmar** Department of Chemistry, Hemchandracharya North Gujarat University, Patan
4.	**Chaudhari Daxaben Naryanbhai**	હાસ્યકાર રતિલાલ બોરીસાગર : એક અભ્યાસ	**ARTS** GUJARATI	**Dr. Yashodhar H. Raval** Arts, Science, Commerce College, Pilvai
5.	**Chaudhari Gitabahen Ramsangbhai**	સ્માર્ટ શાળા અને સરકારી શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનો તુલનાત્મક અભ્યાસ	**EDUCATION** EDUCATION	**Dr. V.V. Chaudhary** Revaba Sarvajanik Education College, Mehsana
6.	**Chaudhari Feneelkumar Bharatkumar**	અનુઆધુનિક ગુજરાતી આત્મકથા સાહિત્ય : એક અભ્યાસ	**ARTS** GUJARATI	**Dr. Rajendrasinh D. Vaghela** Nima Girl's Arts College, Gozariya
7.	**Chauhan Urvish Sanjaykumar**	શોષણકેન્દ્રી ગુજરાતી વાર્તાઓ : એક અભ્યાસ (આર્થિક, સામાજિક, જાતીય અને રાજકીય શોષણના સંદર્ભમાં)	**ARTS** GUJARATI	**Dr. Ganpat C. Sodhaparmar** C.N. Arts and B.D. Commerce College, Kadi
8.	**Darji Yogeshvariben Girishbhai**	षड्दर्शनेषु आत्मतत्त्वविमर्श : एकम् अध्ययनम्	**ARTS** SANSKRIT	**Dr. Dilkhush U. Patel** V.N.S. Bank Ltd. Arts & Commerce College, Vadnagar
9.	**Dave Hardik Maheshbhai**	Portrayal of Indian Middle Class Families and Children in the Select Short Stories from R.K. Narayan's Malgudi Days : A Study	**ARTS** ENGLISH	**Dr. Rameshsingh M. Chauhan** Smt. M.M. Shah Mahila Arts College, Kadi
10.	**Dedhrotiya Manjurmahammad Haidarali**	Study on Population, Habitat, Roosting an Breeding Biology of Selected Birds Associated with Specific Wetlands of Sabarkantha District, Gujarat	**SCIENCE** ZOOLOGY	**Dr. Chirag Acharya** Arts, Science and Commerce College, Pilvai
11.	**Goswami Prakashkumar Dinanath**	महायोगिश्रीगोरक्षनाथविरचिता 'सिद्धसिद्धान्तपद्धतिः' - एकम् अध्ययनम्	**ARTS** SANSKRIT	**Dr. Dilkhush U. Patel** V.N.S. Bank Ltd. Arts & Commerce College, Vadnagar
12.	**Gohil Ishwarlal Bhikhabhai**	ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી વિષયમાં શબ્દ ભંડોળ કસોટીની રચના અને પ્રમાણીકરણ	**ARTS** GUJARATI	**Dr. Chhaya M. Trivedi** Matrushree S.S. Govinda B.Ed. College, Palanpur
13.	**Gohil Poonamben Ashokkumar**	An Impact of Capital Structure on Financial Performance : A Study of Selected Indian Industries	**COMMERCE** ACCOUNTANCY	**Dr Arvind M. Patel** Idar Anjana Patidar H.K.M. Arts and P.N. Patel Commerce College, Idar
14.	**Joshi Bhoomi Rajanikant**	Phytochemical Antioxidant and Antimicrobial Studies of some Desmodium Species	**SCIENCE** BOTANY	**Dr. Illa C. Patel** Dapartment of Life Science, HNGU, Patan.

પીએચ.ડી.

No.	Candidate	Title of the Thesis	Faculty/Subject	Name of the Guide
15.	**Joshi Margiben Kantilal**	A Study on Practices Towards Use of Contraceptives Among Reproductive Age Women in Gujarat	**MANAGEMENT** HOSPITAL MANAGEMENT	**Dr. Sushman Sharma** Dept. of Hospital Management, HNGU, Patan
16.	**Kharadi Pravinbhai Ramjibhai**	**હેન્ડબોલ રમતમાં ચક્રિય તાલીમ દ્વારા ખેલાડીઓની શારીરિક યોગ્યતા પર થતી અસરનો અભ્યાસ**	**EDUCATION** PHYSICAL EDUCATION	**Dr. Gandabhai A. Desai** Sheth Shree B.C. Shah Arts College, Vadali
17.	**Kharani Shravankumar Umedbhai**	Attitude Towards Internet & Social Networking Sites and Smartphone Addiction Among Students of Conventional and Technical Courses	**ARTS** PSYCHOLOGY	**Dr. K.G. Patel** Idar Anjana Patidar H.K.M. Arts and P.N. Patel Commerce College, Idar
18.	**Khokhar Arfinabibi Nasibkhan**	राजेन्द्र यादव की कहानियों में समानानंतरता : एक अध्ययन	**ARTS** HINDI	**Dr. Arjun K. Tadvi** Shri and Smt. P.K. Kotawala Arts College, Patan
19.	**Mansuri Lalabhai Gafurbhai**	असगर वजाहत के नाटकों में युगबोध	**ARTS** GUJARATI	**Dr. Somabhai G. Patel** Nima Girl's Arts College, Gozariya
20.	**Maru Piyushkumar Rameshbhai**	An Impact of Goods and Services Tax with Reference to Selected Sectors of India	**COMMERCE** COMMERCE	**Dr. Dharmendra N. Thaker** S.K. School of Business Management, HNGU, Patan
21.	**Masi Kamiyabali Hasanali**	Self-Efficacy, Self-Esteem and Psychological Wellbeing Among Higher Secondary School Students	**ARTS** PSYCHOLOGY	**Dr. K.G. Patel** Idar Anjana Patidar H.K.M. Arts and P.N. Patel Commerce College, Idar
22.	**Mevada Anjanaben Pravinbhai**	Comparative Studies of Phytochemicals and Antimicrobial Activity of Some Acacia Species of Industrial and Non Industrial Area of Palanpur Taluka, Banaskantha, Gujarat	**SCIENCE** BOTANY	**Dr. Hamir M. Ant** Arts, Science and Commerce College, Pilvai
23.	**Nodoliya Akbarali Ismali**	A Study on Accounting Information System of Selected Public and Private Sector Banks of Gujarat	**COMMERCE** ACCOUNTANCY	**Dr. C. M. Thakkar** Shri Trikamjibhai Chatwani Arts and J.V. Gokal Trust Commerce College, Radhanpur
24.	**Pandya Deep Navanitkumar**	A Study on Consumer Satisfaction in Banking Industry with Reference to Small Finance Banks of India	**COMMERCE** COMMERCE	**Dr. Jay G. Dave** Government Arts and Commerce College, Kadoli
25.	**Prajapati Hardikkumar Rupabhai**	**અનુઆધુનિક ગુજરાતી ટૂંકીવાર્તાઓમાં પ્રયુક્તિઓનો વિનિયોગ : એક અભ્યાસ**	**ARTS** GUJARATI	**Dr. Bharat N. Solanki** Shri and Smt. P.K. Kotawala Arts College, Patan
26.	**Prajapati Roshaniben Harneshbhai**	कालिदासविरचितं ''अभिज्ञानशकुन्तला'' नाटकस्यपुनर्गठित एवम् अनुमति पाठः - एकम् अध्ययनम्।	**ARTS** SANSKRIT	**Dr. Dilip C. Patel** Department of Sanskrit, HNGU, Patan.
27.	**Prajapati Sheetalben Ishwarbhai**	बौद्ध-जैनदर्शनयोः आचाराणां समीक्षात्मकम् अध्ययनम्।	**ARTS** SANSKRIT	**Dr. Dilkhush U. Patel** V.N.S. Bank Ltd. Art & Commerce College, Vadnagar
28.	**Patel Ankitkumar Sevantilal**	Synthesis, Characterization and Biocidal Applications of Some Heterocyclic Scaffolds	**SCIENCE** CHEMISTRY	**Dr. Sangita Sharma** Department of Chemistry HNGU, Patan

યુનિવર્સિટી ન્યુઝ

ઉજવણી



હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.) દ્વારા સંલગ્ન કૉલેજના સહયોગથી તા. ૨૧ થી ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન એન.એસ.એસ. સપ્તાહની ઉજવણીના ભાગરૂપે 'ભાદરવી પૂનમ પ્લાસ્ટિક મુક્ત પૂનમ અને સ્વચ્છતા અભિયાન' હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત ૧૧૮ સેવા કેમ્પો પ્લાસ્ટિકમુક્ત બન્યા હતા. જ્યારે એન.એસ.એસ.ના સ્વયંસવકો દ્વારા ૫૦૦૦ કિલોથી વધુ પ્લાસ્ટિક એકત્રિત કરવામાં આવ્યું હતું.

અભિયાનને વધુ અસરકારક બનાવવા માટે વિવિધ જાણીતી વ્યક્તિઓ અને સેલિબ્રિટીઓના પ્રેરણાદાયી વીડિયો સંદેશો તૈયાર કરી સોશિયલ મીડિયા દ્વારા પ્રસારિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત મેળાના સંચાલકોનો સંપર્ક કરી પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા તથા પ્લાસ્ટિકના વિકલ્પો અપનાવવા અપીલ કરવામાં આવી હતી. જેના પરિણામે ૧૧૮ સેવા કેમ્પોએ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળી પ્લાસ્ટિક મુક્ત સેવા કેમ્પ તરીકે કાર્ય કર્યું હતું. ૧૧૮ સેવા કેમ્પોમાં અંદાજિત ૮૦ લાખથી વધુ પદયાત્રીઓએ સેવાનો લાભ લીધો હતો. પ્રતિ વ્યક્તિ ૧૦ ગ્રામ વપરાશ ગણતાં અંદાજિત ૮૦૦ ક્વિન્ટલ પ્લાસ્ટિકનો વપરાશ ઘટ્યો છે.

પ્લાસ્ટિક મુક્ત અભિયાનમાં નોંધપાત્ર સહયોગ આપનાર આવા સેવા કેમ્પોના સંચાલકોનું હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કે.સી. પોરિયા, કુલસચિવ ડૉ. રોહિતભાઇ દેસાઇ, એન.એસ.એસ. કો–ઓર્ડિનેટર, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરો તથા એન.એસ.એસ. સ્વયંસેવકો દ્વારા સન્માન કરી તેમના પર્યાવરણલક્ષી પ્રયાસોને બિરદાવવામાં આવ્યા હતા.

અભિયાનની વિશેષતા એ રહી કે યુનિવર્સિટી સંલગ્ન આશરે ૧૦૦ કૉલેજોના ૧૦૦થી વધુ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરો અને ૨૦૦૦થી વધુ એન.એસ.એસ. સ્વયંસેવકો સ્વચ્છતાના આ મહાઅભિયાનમાં સક્રિય રીતે જોડાયા હતા. સ્વયંસેવકોએ વિવિધ વિસ્તારોમાં ટીમ બનાવી માર્ગો, સેવા કેમ્પોની આસપાસના વિસ્તારો અને યાત્રામાર્ગ પર પડેલા પ્લાસ્ટિકના કચરાને એકત્રિત કર્યો હતો. સમગ્ર અભિયાન દરમિયાન ૫૦૦૦ કિલોથી વધુ પ્લાસ્ટિક એકત્રિત કરવામાં આવ્યું હતું. માત્ર પ્લાસ્ટિક એકત્રિત કરીને કામગીરી પૂર્ણ કરવાના બદલે તેના યોગ્ય નિકાલ અને પુનઃ ઉપયોગની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. એકત્રિત કરવામાં આવેલા પ્લાસ્ટિકને યોગ્ય રીતે રિસાયકલ કરી પર્યાવરણને નુકશાન ન થાય તે હેતુથી બિસ્લેરી કંપનીને રિસાયકલિંગ માટે સોંપવામાં આવ્યું હતું.

કૉલેજ ન્યુઝ

ઉજવણી



❊ શ્રી કે.આર. કટારા આર્ટસ કૉલેજ, શામળાજી ખાતે તા. ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ 'વિશ્વ યુવા દિવસની' ઉજવણી કરવામાં આવી હતી. યુવાનોમાં જાગૃતિ, જવાબદારી, રાષ્ટ્રીય ભાવના અને વ્યક્તિત્વ વિકાસની ભાવના કેળવવાના હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભમાં ડૉ.પી એસ પનેસરે વિશ્વ યુવા દિવસ પર યુવાનોમાં જાગૃતિ, રાષ્ટ્રીયભાવના વ્યક્તિત્વ વિકાસ, યુવા પોતાના ભવિષ્ય શ્રેષ્ઠ બનાવી આગળ વધે વગેરે પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. કાર્યક્રમના મુખ્ય વક્તા કૉલેજના સંસ્કૃત વિભાગના અધ્યાપક તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. સંજયભાઈ પંડ્યા દ્વારા વિશ્વ યુવા દિવસના મહત્વ અને આજના સમયમાં યુવાનોની ભૂમિકા અંગે પ્રેરણાદાયી વક્તવ્ય આપવામાં આવ્યું હતું. તેમણે યુવાનોમાં શિક્ષણ, સંસ્કાર, રાષ્ટ્રનિર્માણ, પર સામાજીક જવાબદારી અને સકારાત્મક વિચારો સાથે આગળ વધવા માટે પ્રેરણા આપી હતી.

❊ શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટસ એન્ડ હોમ સાયન્સ કૉલેજ,મહેસાણાના સાંસ્કૃતિક સમિતિ ઉડાન દ્વારા ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના પરિપત્ર અનુસાર વિભાજનની વિભિષિકા સ્મૃતિ દિવસના ઉપલક્ષમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકૃત્વ સ્પર્ધા, ચિત્રસ્પર્ધા અને વાંચન સ્પર્ધા જેવા કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થિનીઓમાં ઐતિહાસિક સભાનતા કેળવાય, રાષ્ટ્રીય એકતાનું નિર્માણ થાય અને રાષ્ટ્ર પ્રત્યે પોતાની જવાબદારી સમજે તે હતો.

ઇતિહાસ વિષયના પ્રાધ્યાપક જ્યોતિબેન ચૌધરીએ વિભાજનનો વિશાદ વિષય પર તજજ્ઞ વ્યાખ્યાન આપી વિદ્યાર્થિનીઓને ભારતના વિભાજનની વાસ્તવિકતા,માનવીય પીડાથી માહિતગાર કરી, રાષ્ટ્રીય એકતાનું મહત્ત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમના અંતે વિદ્યાર્થિનીઓએ વિભાજનના પીડિતો માટે બે મિનિટનું મૌન રાખી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.



❊ શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કૉલેજ, મહેસાણામાં હિન્દી વિભાગ દ્વારા પ્રથમ વર્ષ બી.એ.ની વિદ્યાર્થિનીઓ માટે માતૃભાષા ગુજરાતી સિવાય હિન્દી ભાષાનો પણ મહાવરો થાય અને સુલેખન કેળવાય તે સંદર્ભે હિન્દી લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર અને ચીવટતાપૂર્વક હિન્દી વર્ણમાલાનું ધ્યાન રાખી આ સ્પર્ધામાં પ્રતિભાગી થયા હતા.



❊ શ્રી કે.આર. કટારા આર્ટ્સ કોલેજ, શામળાજી ખાતે તા. ૩૧ જુલાઈ ૨૦૨૬ના રોજ પ્રિ. ડૉ. એ.કે. પટેલના માર્ગદર્શન હેઠળ હિન્દી સાહિત્યના સર્વોપરી સર્જક મુન્શી પ્રેમચંદ જયંતિ નિમિત્તે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ મુન્શી પ્રેમચંદનું જીવન કવન, કહાની, ઉપન્યાસ વગેરે વિવિધ વિષય પર પોતાના મૌલિક વિચારો રજૂ કર્યા હતા. પ્રેમચંદ જયંતિ વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયક બને એ આશયથી હિન્દી વિભાગના એસો પ્રોફે. ડૉ. પરમજીત એસ. પનેસરે પ્રેમચંદના જીવન, તેમની કથાઓ, સમાજ પરના પ્રભાવ અને સાહિત્યિક યોગદાન અંગે વિસ્તૃત માહિતી આપી અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.



❊ સી.એન. આર્ટ્સ એન્ડ બી.ડી. કોમર્સ કોલેજ, કડીના એન.એસ.એસ. યુનિટ તેમજ એન.સી.સી. વિભાગ દ્વારા પ્રિ. ડૉ. જી.ડી. ત્રિપાઠીના માર્ગદર્શન હેઠળ તા. ૨૯-૭-૨૦૨૬ના દિવસે ગુરુપૂર્ણિમા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો પ્રારંભ દીપપ્રાગટ્ય અને ગુરુવંદના સાથે કરવામાં આવ્યો હતો. ઉપસ્થિત મહાનુભાવોએ ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું સ્થાન, ગુરુ-શિષ્ય પરંપરાનું મહત્વ અને જીવનમાં ગુરુના માર્ગદર્શનની અનિવાર્યતા અંગે પ્રેરણાદાયી વિચારો વ્યક્ત કર્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને ગુરુજનો પ્રત્યે આદર, શિસ્ત, સંસ્કાર અને જ્ઞાનપ્રાપ્તિ માટે સતત પ્રયત્નશીલ રહેવાનો સંદેશ આપ્યો હતો. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ગુરુમહિમા પર વક્તવ્ય, કાવ્યપઠન અને પ્રેરણાત્મક અભિવ્યક્તિઓ દ્વારા ઉપસ્થિત સૌનું મન જીતી લીધું હતું.



❊ શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કૉલેજ, મહેસાણામાં એન્ટી રેગિંગ સેલ દ્વારા 'વિશ્વ એન્ટી રેગિંગ ડે' નિમિત્તે પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રો.માલવિકા મહેતાએ વિદ્યાર્થિનીઓને રેગિંગથી થતી માનસિક અસરો અંગેની સમજ આપી હતી. આ સ્પર્ધામાં ૧૦ વિદ્યાર્થિનીઓએ એન્ટી રેગિંગ વિષય પર પોસ્ટર બનાવ્યા હતા. ઇન્ચાર્જ પ્રિ.ડૉ.સુનીતા સુપહિયાએ વિજેતા વિદ્યાર્થિનીઓને શુભેચ્છા પાઠવી હતી.



❊ શ્રી રામજીભાઈ ખેતાભાઈ ચૌધરી આદર્શ સાયન્સ કૉલેજ, રાધનપુરમાં રાષ્ટ્રીય ગ્રંથપાલ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ભારતના મહાન ગ્રંથપાલ અને પુસ્તકાલય વિજ્ઞાનના પિતા તરીકે જાણીતા ડૉ. એસ. આર. રંગનાથનની જન્મજયંતિ નિમિત્તે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને પુસ્તકાલયનું મહત્ત્વ, વાંચન સંસ્કૃતિ, પુસ્તકોના જ્ઞાનપ્રાપ્તિમાં યોગદાન તથા ડિજિટલ યુગમાં પુસ્તકાલયની ભૂમિકા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને નિયમિત વાંચન કરવાની અને પુસ્તકાલયનો મહત્તમ ઉપયોગ કરવાની પ્રેરણા આપવામાં આવી હતી. આ પ્રસંગે પ્રિન્સીપાલશ્રી, ગ્રંથપાલશ્રી, પ્રાધ્યાપકશ્રીઓ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે સૌએ જ્ઞાન અને વાંચનની સંસ્કૃતિને વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ કર્યો હતો.



❊ શ્રી કે. આર. કટારા આર્ટસ કૉલેજ, શામળાજી ખાતે 'વિશ્વ આદિવાસી દિવસ અને સપ્તધારા અંતર્ગત ટેલેન્ટ માર્નિંગ' કાર્યક્રમની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ આદિવાસી સંસ્કૃતિ, પરંપરા, ભાષા અને જીવનશૈલી પ્રત્યે સમાજ અને વિદ્યાર્થીઓમાં ગૌરવની ભાવના જાગૃત કરવાની સાથે-સાથે વિદ્યાર્થીઓની આંતરિક પ્રતિભાને ઉજાગર કરી કલાત્મક વિકાસ માટે જરૂરી પ્લેટફોર્મ આપવાનો હતો. કાર્યક્રમની શરૂઆતમાં વિશ્વ આદિવાસી દિવસ વિશે ડૉ.બી.આર. પટેલે જ્ઞાનસભર માહિતી પ્રદાન કરી હતી. વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ કાર્યક્રમો જેવા કે ગીત, ભજન, લોક-નૃત્ય, નાટક, વકતૃત્વ અને આદિવાસી લોક બોલી જેવા અલગ અલગ કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે પ્રિ.ડૉ. અજય પટેલે વિદ્યાર્થીઓને આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાઓ જાળવવા પ્રેરિત કર્યા હતા. તેમજ શામળાજી પ્રદેશ કેળવણી મંડળના મંત્રી દિલીપભાઈ કે. કટારાએ પણ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

એન.સી.સી.



❊ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, થરા અને રોહિતનગર પ્રા.શાળાના સંયુક્ત ઉપક્રમે તા. ૧-૮-૨૦૨૬ ના રોજ પ્રા. શાળા પરિસરમાં કૉલેજના એન.સી.સી. યુનિટ દ્વારા 'એક પેડ મા કે નામ' કાર્યક્રમ અંતર્ગત પ્રિ.ડી. ડી. ચારણના માર્ગદર્શન હેઠળ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. રોહિતનગર પ્રા. શાળા, થરાના આચાર્યશ્રી, સ્ટાફગણ તેમજ એન.સી.સી. કેડેટ હાજર રહ્યાં હતાં. એન.સી.સી.ના ડૉ.ગોવિદભાઈ મુંધવા એ ગ્લોબલ વોર્મિંગના આજના સમયમાં પર્યાવરણની જાળવણી અને પ્રદૂષણ નિવારણ માટે વૃક્ષનું કેટલું મહત્ત્વ છે તેના વિશે વિસ્તૃત માહિતી આપી હતી. રોહિતનગર પ્રા.શાળાના આચાર્ય ડૉ. કુલદીપકુમાર ઠક્કરે એન.સી.સી. વિભાગ દ્વારા આયોજિત 'એક પેડ, માઁ કે નામ' કાર્યક્રમને બિરદાવેલ.



❊ શ્રી ત્રિકમજી ચતવાણી આર્ટસ એન્ડ જેવી ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુરમાં પ્રિ. ડૉ. સી. એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ અને સંયોજકશ્રીઓ એન.સી.સી.ના ઓફિસર લે. નિકુંજકુમાર પ્રજાપતિ તેમજ એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. તુષારભાઈ વ્યાસ તથા ડૉ. સુરેશભાઈ ઓઝાના કુશળ આયોજનથી સ્વચ્છતા અભિયાન, પ્લાસ્ટિક મુક્ત સંકુલ, સ્વચ્છતા સંકલ્પના કાર્યક્રમનું ઉત્સાહભેર અને સફળતાપૂર્વક આયોજન તા. ૫-૮-૨૦૨૬ ના રોજ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત કૉલેજ સંકુલની સફાઈ કરી અને કેમ્પસમાંથી પ્લાસ્ટિકનો કચરો એકત્રિત કરી 'પ્લાસ્ટિક મુક્ત સંકુલ' બનાવવાનો સરાહનીય પ્રયાસ કરવામાં આવ્યો હતો, તેમજ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.



❊ એમ.એમ. ચૌધરી આર્ટ્સ કૉલેજ, રાજેન્દ્રનગરના એન.સી.સી. વિભાગ દ્વારા તા. ૧૧-૮-૨૦૨૬ના રોજ દેશભક્તિ અને રાષ્ટ્રભાવનાને ઉજાગર કરતી ભવ્ય તિરંગા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિ.ડૉ. પ્રવીણભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ તથા એનસીસી ઓફિસર ડૉ. રમેશ પટેલ અને ડૉ. અનિતાબેન રાઠવાના માર્ગદર્શનથી રેલી યોજાઈ હતી.

એન.એસ.એસ.



❊ સી.એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કોમર્સ કૉલેજ, કડીના એન.એસ.એસ. વિભાગ દ્વારા પ્રિ.ડૉ. જી. ડી. ત્રિપાઠીના માર્ગદર્શન હેઠળ કડી તાલુકાના દત્તક ગામ સાદરા ખાતે વૃક્ષારોપણ અને સ્વચ્છતા જાગૃતિ રેલીનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ

જાગૃતિ રેલીનો પ્રારંભ જિલ્લા પંચાયત સદસ્ય રાજુજી ઠાકોર, ગામના સરપંચ, ડેરીના મંત્રી તથા પ્રાથમિક શાળાના આચાર્યના હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ્રાથમિક શાળાના શિક્ષકો, ૧૮૦ વિદ્યાર્થીઓ અને કૉલેજના ૭૦ એન.એસ.એસ. સ્વયંસેવકોએ ઉત્સાહભેર જોડાઈને ગામમાં સ્વચ્છતા જાળવવા, પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા અને વધુમાં વધુ વૃક્ષો વાવવાનો સંદેશ આપ્યો હતો.



❊ એમ.એ.પરીખ ફાઈન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, પાલનપુરના એન.એસ.એસ. વિભાગ દ્વારા ખોડલા અને ભુતેડી ગામને આગામી ત્રણ વર્ષ માટે દત્તક લેવાની યોજનાના શુભ પ્રારંભ નિમિત્તે સ્વયંસેવકોએ સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ, પ્લાસ્ટિક મુક્ત ભારત, સ્વચ્છ ભારત મિશન જેવા વિષયો પર સ્વચ્છતા સપ્તાહ અને વૃક્ષારોપણ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જેનું સંચાલન સ્વયંસેવક નિતેશ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ રક્ષાબેન ચૌધરીએ સ્વયંસેવકોને નિઃસ્વાર્થ સેવા, સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણ માટે પ્રેરિત કર્યા હતા. સામાજિક કાર્યકર બિજલભાઈ ઠાકોરે આગામી ત્રણ વર્ષ દરમિયાન ગામના સર્વાંગી વિકાસ માટે હાથ ધરાનારી વિવિધ પ્રવૃત્તિઓની રૂપરેખા રજૂ કરી સ્વચ્છતા અભિયાન અને વૃક્ષારોપણમાં એન.એસ.એસ.ના સ્વયંસેવકો, સરપંચશ્રી, પ્રાથમિક સ્કૂલના પ્રિન્સિપાલ, માધ્યમિક સ્કૂલ પ્રિન્સિપાલ, ડેરીના મંત્રી તથા ગ્રામજનો અને મહાનુભાવોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ગામને સ્વચ્છ, હરિયાળું અને આદર્શ બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.



❊ શ્રી ત્રિકમજી ચતવાણી આર્ટસ એન્ડ જે.વી ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુરમાં પ્રિ.ડૉ. સી.એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ અને સંયોજકશ્રીઓ એન.સી.સી. ના ઓફિસર લે. નિકુંજકુમાર પ્રજાપતિ તેમજ એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. તુષારભાઈ વ્યાસ તથા ડૉ. સુરેશભાઈ ઓઝાના આયોજનથી વૃક્ષારોપણ અભિયાનનું સફળતાપૂર્વક આયોજન તા.૬-૮-૨૦૨૬ ના રોજ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત પ્રિન્સીપાલશ્રીએ 'વૃક્ષો રક્ષતિ રક્ષિતઃ' એટલે કે જો આપણે વૃક્ષોનું રક્ષણ કરીશું, તો વૃક્ષો આપણું રક્ષણ કરશે. વૃક્ષો એ કુદરતે આપણને આપેલી સૌથી અમૂલ્ય ભેટ છે. તે માત્ર પૃથ્વીની શોભા નથી, પણ આપણા જીવનનો આધાર છે. એ વાત વિદ્યાર્થીઓને સમજાવી હતી અને કેમ્પસમાં વૃક્ષા રોપણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ



❊ સ્વ. એસ. એચ. જોષી અને બી. કે. જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, બામણા ખાતે પ્રિ.અક્ષયભાઈ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. અંતર્ગત 'હર ઘર તિરંગા'માં વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશભક્તિ અને રાષ્ટ્રપ્રેમની ભાવનાને પ્રોત્સાહન આપવા માટે કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો તથા કૉલેજ સ્ટાફ પરિવારે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તિરંગાનું ગૌરવ જાળવવા તથા દેશની એકતા, અખંડિતતા અને રાષ્ટ્રપ્રેમની ભાવનાને મજબૂત બનાવવાનો સૌએ સંકલ્પ કર્યો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિના નારા અને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સમગ્ર વાતાવરણ રાષ્ટ્રભક્તિમય બન્યું હતું.



❊ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટસ કૉલેજ, વિજાપુર ખાતે એન્ટી રેગિંગ સેલ દ્વારા 'નેશનલ એન્ટી રેગિંગ ડે' નિમિત્તે તા. ૧૨-૮-૨૦૨૬ ના રોજ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં મનોવિજ્ઞાન વિષયના અધ્યક્ષ ડૉ. પી.એમ. પ્રજાપતિએ 'રેગિંગ' શબ્દને સમજાવી તેનાથી મન પર થતી અસરો વિશે વિદ્યાર્થિનીઓને માહિતગાર કરી હતી. અંગ્રેજીના અધ્યાપક ડૉ.એ.એસ કપૂરે 'એન્ટી-રેગિંગ ડે' વિશે માહિતી આપી આવા કાર્યક્રમની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. વિદ્યાર્થિનીઓને આવા નકારાત્મક વલણથી દૂર રહેવા શીખ આપી હતી. શૈનિ કંદોઇ અને જીયા પટેલે પણ આ પ્રસંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. એન્ટી-રેગિંગ સેલના કો-ઓર્ડીનેટર ડૉ. વર્ષાબા જાડેજાએ વિદ્યાર્થિનીઓને સેલની મહિતી આપી, તેમાં જોડાયેલ પ્રતિનિધિઓની ઓળખ કરાવી હતી. તેમજ રેગિંગની કોઈ ઘટના બને તો એન્ટી રેગિંગ સેલ સુધી માહિતી પહોંચાડવા પર ભાર મૂક્યો હતો.

ગુરુપૂર્ણિમા



❊ શ્રીમતી કે.કે. શાહ આર્ટ્સ અને શ્રીમતી એલ.બી. ગુંજારીયા કોમર્સ કૉલેજ, થરા ખાતે તા. ૨૭–૭–૨૦૨૬ના રોજ પ્રિ.ડૉ. ડી.એસ. ચારણના માર્ગદર્શનમાં ગુરુપૂર્ણિમાના પાવન અવસરે ભાવભર્યો ગુરુ વંદન કાર્યક્રમ યોજાયો હતો. ગુરુપૂર્ણિમા નિમિત્તે કૉલેજના ગુરુજીઓના વંદન અને પૂજનનો કાર્યક્રમ યોજાયો. કૉલેજની બી.એ. સેમ–૧ની વિદ્યાર્થિનીઓ શ્રેયા દેસાઈ અને નીલમ ત્રિવેદી દ્વારા ભાવસભર ગુરુ આરતી કરી તથા ગુરુજનોનું કુમકુમ તિલક અને પુષ્પગુચ્છ દ્વારા સન્માનપૂર્વક વંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થિનીઓએ ગુરુ પ્રત્યેના પોતાના આદર, શ્રદ્ધા અને કૃતજ્ઞતાની લાગણીઓ વિવિધ વક્તવ્યો દ્વારા વ્યક્ત કરી હતી.

વ્યાખ્યાન



❊ શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટસ એન્ડ હોમ સાયન્સ કૉલેજ, મહેસાણાના 'વુમન્સ ડેવલપમેન્ટ સેલ' દ્વારા મહિલાઓમાં જાગૃતિ આવે અને આધુનિક યુગમાં ખોવાયેલી, માતૃત્વ ભાવના કેળવાય તે અનુસંધાને જન્મજાત બાળક માટે માતાનું દૂધ કેટલું જરૂરી હોય છે તેની ગહન સમજ પ્રાપ્ત થાય તે અંગે ઇનરવિલ ક્લબ મહેસાણાના ગાયનેકોલોજીસ્ટે વ્યાખ્યાન આપ્યું હતું. બાળકને જન્મ પછી ક્યારે, કેટલા સમયે અને કેટલા વર્ષ સુધી સ્તનપાન કરાવવું જોઈએ તેની સમગ્ર જાણકારી આપી હતી. ૨૪ વિશ્વ વિદ્યાર્થિનીઓએ માતૃત્વશક્તિને સલામ કરતા પોસ્ટરો બનાવ્યા હતા. આ પ્રસંગે ઇનરવિલ ક્લબના પ્રમુખ પુષ્પાબેન ઠક્કરે વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહિત કરી હતી. ઇનરવિલ ક્લબના તૃપ્તિબેન ભાવસાર, મૈત્રીબેન પરીખ, અશ્વિનીબેન શાહ અને શીતલબેન મોદી ઉપસ્થિત રહ્યા હતા.



❊ શ્રી બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ. એચ. ગુરુ કોમર્સ કૉલેજ, ઊંઝાના રાજ્યશાસ્ત્ર વિભાગ દ્વારા તા. ૭–૮–૨૦૨૬ ના રોજ તજજ્ઞ વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના રાજ્યશાસ્ત્ર ભવનના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. રંજનાબેન ધોળકિયાએ 'વિચારોથી મત સુધીની એક રાજકીય પ્રક્રિયા' વિષય પર મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. પ્રિ. ડૉ. રાકેશ રાવના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું સફળ આયોજન રાજ્યશાસ્ત્ર વિભાગના વડા ડૉ. દિવ્યાબેન પટેલે કર્યું હતું.

સેમિનાર



❊ મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડીમાં શારીરિક શિક્ષણ વિભાગ તેમજ IQAC દ્વારા તા. ૧૮–૭–૨૬ના રોજ ઇન્ટર ક્લાસ બેડમિન્ટન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ૧૨ જેટલી વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. પ્રિ.ડૉ. હીનાબેન પટેલ દ્વારા સ્પર્ધાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. શા.શિ. વિભાગના પ્રા. મધુબેન ઠાકોર તથા સ્પોર્ટ્સ કમિટીના સભ્ય પ્રા. એચ.એચ. પરમાર તથા નરેન્દ્રભાઈ મહેતા તેમજ IQAC કો–ઓર્ડીનેટર ડૉ. વર્ષાબેન બ્રહ્મભટ્ટ પણ ઉપસ્થિત રહ્યા હતા.

સબરસ

પતિ : તને ખબર છે તારી સાથે લગ્ન પહેલા મારા માટે દૂર–દૂરથી લોકોના માંગા આવ્યા હતા.

પત્ની : સાચી વાત છે નજીકના લોકોને તો તમારા લક્ષણોની પુરેપુરી ખબર હોય જ ને!

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Hemchandracharya North Gujarat University, Patan

P.B.21, University Road, Patan - 384265 • Phone : +91 2766 237000, 220932, 230529 • Visit us at : www.ngu.ac.in • Email : udichyahngu@gmail.com

Editor : Dr. Rajanikant Patel (University Librarian)

Published by : **Dr. R.N. Desai,** Registrar, H.N.G.U., Patan.

Printed by : **Vinod Printery,** Nr. Three Gate, **Patan.** • Mo. 9898576011

R.N.I. No. 48820/90, Valid up to 31-12-2026, Posting Reg. No. PATAN/008/2024-26, Office of Posting: PATAN H.P.O

વ્યક્તિગત વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/– કૉલેજનું વાર્ષિક લવાજમ રૂા. ૬૦૦/–